RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 243* Date: 30.06.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


### આતંકવાદને પોષનાર પાકિસ્તાનને જ ભારે પડ્યો આતંક

# પાકિસ્તાનમાં સ્ટોક એક્સચેન્જ પર આતંકી હુમલોઃ ૧૦ના મોત

*કરાચી,તા.૨૯*

આતંકવાદને પોષનાર પાકિસ્તાનને, "પોષતુ એ જ મારતુ" કહેવત અનુસાર તેને જ આતંકવાદ નડી રહ્યો છે અને આજે સોમવારે સવારે કરાચી સ્થિત પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ ( પાક.શેરબજાર ) પર ૪ આતંકીઓએ ઘાતક હુમલો કર્યો હતો. ચાર આતંકવાદીઓએ ગ્રેનેડ લગાવી સ્ટોક એક્સચેંજની ઈમારત પર હુમલો કર્યા પછી ઓછામાં ઓછા ૬ લોકો માર્યા ગયા હતા. જો કે પોલીસ અને રેન્જર્સની વળતી કાર્યવાહીમાં આ તમામ ચારેય આતંકીઓ ઠાર મરાયા હતા. બીજી તરફ, આતંકીઓ સાથેની અથડામણમાં પોલીસ અને સુરક્ષા ગાર્ડ સહિત ૬ લોકો મળી આ આતંકી હુમલામાં હાલમાં કુલ ૧૦ લોકો માર્યા ગયાના અહેવાલ છે. શેર બજાર પર હુમલાની જવાબદારી બલૂચ લિબરેશન આર્મી(બીએલએ)એ લીધી હતી.





પાકિસ્તાનના કરાચી સ્ટોક એક્સચેન્જ પર આજે સોમવારે સવારે શેર બજારમાં કામકાજના પહેલા દિવસે કામગીરી શરૂ થયાના થોડીક વારમાં હથિયારો સાથે ૪ આતંકીઓ ઘૂસી આવ્યાં હતા., મીડિયા રિપોર્ટ્સના જણાવ્યા મુજબ કરાચી સ્ટોક એક્સચેન્જ સવારે ૧૦.૩૦ વાગ્યે ખુલે છે. રોજની જેમ તે આજે સોમવારે પણ આ જ સમયે ખુલ્યું હતું.. આ દરમિયાન સામાન્ય માણસો અને કર્મચારીઓની સાથે હથિયારધારી આતંકીઓ અહીં ઘુસી ગયા હતા. તેમનો ઈરાદો સમજતા જ લોકો ભાગવા લાગ્યા હતા. આ દરમિયાન સ્થાનિક પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. થોડી જ વારમાં શેરબજારની સમગ્ર બિલ્ડિંગને ઘેરી લેવામાં આવ્યું હતું. અને પોલીસ તથા રેન્જર્સ દ્વારા આતંકીઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પાક. મિડિયા જિયો ન્યુઝના જણાવ્યા મુજબ, સ્ટોક એક્સચેન્જના બે કર્મચારીઓ અને અન્ય ત્રણ કર્મચારીઓના મોત થયા છે. આતંકીઓએ પહેલા પાર્કિંગ ઝોનમાં જવાની કોશિશ કરી રહ્યાં હતા. આ શેર બજારમાં સુરક્ષા માટે સ્થાનિક પોલીસ નહીં પણ ખાનગી સિક્યુરીટીને જવાબદારી સોંપવામાં આવી છે.

પાક. મિડિયાના જણાવ્યા મુજબ, ચાર આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૫ લોકોના મોત થયા છે. પોલીસ અને રેન્જર્સની ટીમ હાલ ઘટના સ્થળે છે. અહીંથી લોકોને કાઢવાની કોશિશ કરવામાં આવી રહી છે. . મૃત્યુ પામેલા લોકોમાં એક પોલીસ ઈન્સપેક્ટર અને ચાર સિક્યોરિટ ગાર્ડ્સ સામેલ છે. આ હુમલામાં કુલ સાત લોકો ઘાયલ થયા છે. તેમાંથી ચારની સ્થિતિ ગંભીર છે. હુમલાની જાણકારી મળતા જ પાકિસ્તાન રેન્જર્સના જવાનો પણ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા. અને પોલીસ સાથે મળીને હાથ ધરાયેલી કામગીરીમાં તેમણે ચારેય આતંકીઓના ઠાર માર્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઈજાગ્રસ્ત લોકોમાં કેટલાકની સ્થિતિ ગંભીર છે.સિંધના રાજ્યપાલ ઈમરાન ઈસ્માલે આ ઘટનાની નિંદા કરી છે. એક ટવીટમાં ગવર્નર ઈમરાન ઈસ્માઈલે કહ્યું, ×આતંક વિરુદ્ધ અમારા અવિરત યુદ્ધને કલંકિત કરવાના હેતુથી પીએસએક્સ પરના હુમલાની સખત નિંદા કરૂ છું. આઈજી અને સુરક્ષા એજન્સીઓને સૂચના આપી છે કે ગુનેગારોને જીવંત પકડવામાં આવે અને તેમના સૂત્રધારોને અનુકરણીય સજા આપવામાં આવે. દરેક કિંમતે સિંધનું રક્ષણ કરો. જાણકારોના જણાવ્યાં મુજબ, કરાચી સ્ટોક એક્સચેન્જમાં પોલીસ તૈનાત કરવામાં આવી નથી. અહીંની સિક્યોરિટીની જવાબદારી પ્રાઈવેટ કંપનીની પાસે છે. જાણકારોના જણાવ્યાં મુજબ, મૃત્યુ પામેલા લોકોમાં પોલીસનો એક સબ ઈન્સ્પેકટર પણ સામેલ છે. જિયો ન્યુઝે મૃતકોની સંખ્યા ૯ જણાવી છે. એક અન્ય અહેવાલમાં મરનારાઓની સંખ્યા ૧૦ની દર્શાવાઈ છે.પાકિસ્તાનની મીડિયા મુજબ, સવારે લગભગ નવ વાગ્યે ચાર આતંકવાદી પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જની બિલ્ડિંગમાં ઘુસી ગયા હતા અને તેમણે અંધાધુંધ ફાયરિંગ કર્યું હતું. આતંકીઓએ મેઈન ગેટની પાસે ગ્રેનેડ પણ ફેંક્યો હતો. સોમવાર હોવાને કારણે મોટી સંખ્યામાં લોકો એક્સચેન્જમાં હાજર હતા. સુરક્ષાદળોએ બિલ્ડિંગની આજુ-બાજુના વિસ્તારને સીલ કરી દીધા છે. આજુ-બાજુની બિલ્ડિંગમાં સ્નાઈપર્સ તહેનાત કરવામાં આવ્યા છે. આતંકીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયાર અને વિસ્ફોટક જથ્થો મળી આવ્યો છે.

કરાચીના ઈન્સપેકટર જનરલે કહ્યું કે સ્થિતિ નિયંત્રણમાં છે અને તમામ આતંકીઓને ઠાર કરી દેવાય છે.

### ત્રાલ બાદ ડોડા જીલ્લો પણ આતંક મુક્ત

## અનંતનાગમાં અથડામણઃ હિઝબુલના કમાન્ડર સહિત ત્રણ આતંકી ઠાર

શ્રીનગર,તા.૨૯

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના ખલચોરા રૂનીપોરા વિસ્તારમાં સુરક્ષાબળોએ એક મુઠભેડમાં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. મોતને ભેટેલા ત્રણ આતંકવાદીની ઓળખ હાલ જાહેર કરવામાં આવી નથી. જમ્મૂ કાશ્મીર પોલીસ અને સુરક્ષાબળોએ સંયુક્ત ઓપરેશન કર્યું હતું. સૂત્રોના અનુસાર ઠાર મારેલા આતંકવાદીઓ પાસેથી એક એકે-૪૭ મળી આવી હતી. ૨ પિસ્તોલ પણ મળી આવી હતી. સુરક્ષાબળોનું આતંકવાદીઓ વિરૂદ્ધ અભિયાન ચાલુ છે. જૂનના રોજ ૧૩ મુઠભેડમાં ૪૧ આતંકવાદી ઠાર માર્યા છે.

જમ્મૂ કાશ્મીર ના ડોડા જિલ્લો ફરી એકવાર આતંક મુક્ત થઇ ગયો છે. ડોડાના રહેવાસીઓ હિજબુલ કમાંડર મસૂદ સોમવારે સવારે અનંતનાગ જિલ્લામાં થયેલી મુઠભેડમાં ઠાર માર્યા હતા. તે ડોડા જિલ્લામાં જીવિત બચેલો છેલ્લો આતંકવાદી હતો. તેના સફાયા સાથે જ ડોડા જિલ્લામાં આતંકવાદી ખતમ થઇ ગયા છે. મસૂદની પાસેથી હથિયાર મળી આવ્યા હતા. આ ઘાટીમાં આ ત્રણ આતંકવાદીના મોત સાથે અત્યાર સુધી આતંકવાદીઓની સત્તાવાર સંખ્યા ૧૧૬ થઇ ગઇ છે, જેમાં અત્યાર સુધી તમામ વિભિન્ન આતંકવાદી સંગઠનોના ૭ ઓપરેશન કમાંડર સામેલ છે. ફક્ત જૂન ૧૩મી મુઠભેડ છે જેમાં સુરક્ષાબળોએ ઘાટીમાં ૪૦થી વધુ આતંકવાદીને ઠાર માર્યા છે.

હિજબુલ મુજાહિદ્દીન સુરક્ષાબળોનું મુખ્ય નિશાના પર છે. તમામ આતંકવાદી સંગઠનોમાં તેના સૌથી વધુ આતંકવાદી માર્યા ગયા છે. તેમાં ટોચના કમાંડરોમાં ઓપરેશનલ કમાંડર રિયાઝ નાયકૂ પણ સામેલ છે. તાજેતરમાં પોલીસે દાવો કર્યો હતો હતો કે ત્રાલનો વિસ્તાર હવે હિજબ મુક્ત થઇ ગયો છે જે ૧૯૮૯થી હિજબુલ મુજાહિદ્દીનનું કેન્દ્ર બની ગયો હતો.

## સતત ૨૨મા દિવસે પેટ્રોલમાં ૫ પૈસા અને ડિઝલમાં ૧૩ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૨૯

પેટ્રોલ અને ડીઝલમાં રવિવારે થોડી રાહત મળી હતી. સતત ૨૧ દિવસ સુધી ભાવ વધારો થયા બાદ રવિવારે પેટ્રોલ ડીઝલની કિંમતમાં કોઇ વધારો નહોતો થયો, પરંતુ રાહતના આગલા જ દિવસે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલ મોંઘાં થયાં છે. સોમવારે અઠવાડિયાના પહેલા જ દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમત વધી. રાજધાની દિલ્હીમાં સોમવારે પેટ્રોલની કિંમતમાં ૦.૦૫ રૂપિયાન વધારો નોંધાયો છે.આ તેજી સાથે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પટ્રોલની કિંમત વધીને ૮૦.૪૩ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગઇ છે. પેટ્રોલથી પણ વધુ ખરાબ હાલ ડીઝલના છે. અત્યાર સુધી ડીઝલની કિંમત હંમેશા પેટ્રોલથી ઓછી જ હેતી હતી, પરંતુ હવે ડીઝલ પેટ્રોલને પણ પાછળ છોડી ચૂક્યું છે. સોમવારે રાજધાની દિલ્હીમાં ડીઝલ ૧૩ પૈસા મોંઘું થયું. જે બાદ ડીઝલ ૮૦.૫૩ રૂપિયા પ્રતિ લીટરે મળી રહ્યું છે.

અમદાવાદમાં આજે પેટ્રોલની કિંમતમાં ૫ પૈસાનો ભાવ વધારો નોંધાયો છે જ્યારે ડીઝલની કિંમતમાં ૧૩ પૈસાનો ભાવ વધારો નોંધાયો છે. નવી કિંમતો લાગૂ થયા બાદ આજે અમદાવાદમાં પેટ્રોલ ૭૭.૯૧ રૂપિયા પ્રતિ લીટરે અને ડીઝલ ૭૭.૮૫ રૂપિયા પ્રતિ લીટરે મળી રહ્યું છે.જણાવી દઈએ કે, આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતો સ્થિર રહી છે, પરંતુ ઘરેલુ બજારમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધી રહી છે. હાલ ઈન્ડિયન બાસ્કેટ ક્રૂડ ઓઈલની કિંમત ૪૨ ડૉલર પ્રતિ બેરલની આસપાસ છે, પરંતુ પેટ્રોલ-ડીઝલની કિંમતો આ મહિને સતત વધતી જોવા મળી છે. જેના પગલે છેલ્લા ૨૩ દિવસોમાં જ ડિઝલની કિંમતમાં ૧૧.૨૩ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. જ્યારે પેટ્રોલના ભાવ પર ૯.૧૭ રૂપિયા જેટલા વધ્યા છે.

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૫,૪૮,૩૧૮એ પહોંચ્યો, કુલ ૧૬૪૭૫ના મોત

## કોરોના બેકાબૂઃ ૨૪ કલાકમાં ૧૯૪૫૯ કેસ,૩૮૦ના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દેશમાં કોરોના મહામારી જાણે કે ભારતમાંથી જવાનું નામ ન લેતી હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં એક જ દિવસમાં ૨૦ હજારની નજીક જેટલા કેસો નોંધાયા હતા. અને ૧ જુલાઈથી અનલોક-૨માં જ્યારે વધુ છૂટછાટ આપવામાં આવે તેમ છે ત્યારે તે પછી કોરોના ક્યાં જઈને ટકશે તેના વિવિધ અનુમાનો વચ્ચે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૫,૪૮,૩૧૮ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૧૯૪૫૯ નવા કેસ નોંધાયા છે. જે ૨૦ હજારની નજીક છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૮૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોનાને કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૧૬,૪૭૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૨,૧૦,૧૨૦ એક્ટિવ કેસ હતા. . દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૦૧૦ લોકો સ્વસ્થ્ય થયા છે. ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ચોથા ક્રમાંક પર છે.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા આજે સોમવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધી ૫ લાખ ૪૯ હજાર ૧૯૭ કોરોના કેસ આવી ચુક્યા છે.મધ્યપ્રદેશ હવે સૌથી વધુ સંક્રમિત ૧૦ રાજયોમાંથી બહાર થયું છે. અહીંયા અત્યાર સુધી સંક્રમણના ૧૩૧૮૬ કેસ આવ્યા હતા. જેમાંથી ૧૦૦૮૪ દર્દી સાજા થયા છે, એટલે કે રિકવરી રેટ ૭૬% થઈ ગયો છે. હવે દસમા નંબરે કર્ણાટક છે. જો કે, હાલ બન્નેના આંકડામાં વધારે ફરક નથી. કર્ણાટકમાં અત્યાર સુધી ૧૩૧૯૦ કેસ આવ્યા છે.ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૮.૬૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૦૧૦ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૨૧૭૨૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

### ૨૪ કલાકમા ૧ લાખ ૭૦ હજાર ૫૬૦ ટેસ્ટ થયાઃ આઈસીએમઆર, છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૦૧૦ લોકો સ્વસ્થ્ય થયા, રિકવરી રેટ ૫૮.૬૭ ટકા થયો

દેશમાં પ્રતિ ૧૦૦ ટેસ્ટીંગ પર સરેરાશ ૬ દર્દી મળી રહ્યા છે. આ કેસમાં ભારત સૌથી વધુ સંક્રમિત ટોપ -૫ દેશમાં ત્રીજા નંબરે છે. ૧૦૦ ટેસ્ટીંગ પર ૪૫ દર્દી સાથે બ્રાઝીલ ટોપ પર છે. ત્યારપછી અમેરિકા, રશિયા અને બ્રિટનનો નંબર છે.

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. બે મહિનાના લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. જોકે, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૬૪૬૨૬ કેસ નોંધાયા છે જ્યારે ૭૪૨૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. દિલ્હીમાં ૮૩૦૭૭ કેસ નોંધાયા છે જ્યારે ૨૬૨૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારબાદ તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૮૨૨૭૫ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૦૭૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાતમાં ૩૧૩૯૯ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૮૦૯ લોકોના મોત થયા છે.

દિલ્હીના પૂર્વ ક્રિકેટર સંજય ડોભાલનું કોરોનાથી મોત થયું છે. એક દિવસ પહેલા જ પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે ટ્વિટ કરીને તેમની મદદ માંગી હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૨૬

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૨૦૨૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૯

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૪૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૨૪૮

## કોરોનાની દવા શોધતા હજુ એક વર્ષનો સમય લાગશેઃ ડૉ.હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૨૯

આખી દુનિયા હાલના સમયે કોરોનાની વેક્સિન શોધવામાં લાગી છે, ત્યારે ભારતમાં બાબા રામદેવે કોરોનાની દેસી દવા શોધી કાઢી છે. બાબાએ દેસી દવા કોરોનિલને માર્કેટમાં ઉતાર્યા બાદ વિવાદ થઇ ગયો હતો, હવે આ મામલે કેન્દ્રીય મંત્રી ડૉ.હર્ષવર્ધનનુ નિવેદન સામે આવ્યુ છે. તેમને કહ્યું કોરોનાની દવા શોધાતા હજુ એક વર્ષનો સમય લાગી જશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ.હર્ષવર્ધને કહ્યું કે, કોરોનાની વેક્સિન શોધાતા હજુ એક વર્ષનો સમય લાગી જશે. ડૉ.હર્ષવર્ધન હાલ ડબલ્યૂએચઓમાં મહત્વની જવાબદારી નિભાવી રહ્યાં છે, એટલે તેમનુ આ નિવેદન હાલના સમયમાં ખુબ મહત્વનુ છે.

ડૉ.હર્ષવર્ધનએ કહ્યું લોકોએ ચિંતા કરવાની જરૂર નથી, કેમકે ભારત હાલ મજબૂત સ્થિતિમાં છે. કોરોના સંક્રમણની સામે સારી રીતે લડી રહ્યું છે. અમે ટેસ્ટિંગ વધાર્યુ છે, મૃત્યુ દર પણ ભારતમાં ઓછો છે, કોરોનાની દવા આગામી વર્ષ સુધીમાં આવી જશે.

સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યુ ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ ૩૦ જાન્યુઆરીએ આવ્યો હતો, અને ભારતની વસ્તી ૧૩૫ કરોડ છે. ૫ લાખ કેસમાંથી ૩ લાખ ૧૦ હજાર કેસ સાજા થઇ ગયા છે, તેમને કહ્યું કે દેશમાં ૩ ટકા મૃત્યુદર છે, જે સૌથી ઓછો છે. ભારતથી વધુ અમેરિકા, બ્રાઝિલ અને યુકેનો મૃત્યુ દર છે.

# સીપીઓમાં ૩૧,૯૪૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ: ક્રૂડ તેલના ભાવમાં વૃદ્ધિ

## સોના-ચાંદી તથા બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં સંકડાઈ ગયેલી વધઘટ: ગોલ્ડ-ગિનીમાં ઉછાળો: કપાસ, કોટન, મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડો: પ્રથમ સત્રમાં રૂ. ૯૫૮૬.૪૭ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૭૦૧૪ સોદામાં રૂ. ૯૫૮૬.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૯૩૩૫.૦૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૫૧.૪૦ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વધઘટ સંકડાઈ ગઈ હોય તેમ સીમિત રેન્જમાં ફેરફાર થયો હતો. માત્ર ગોલ્ડ-ગિનીનો વાયદો ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં પણ નોમિનલ વધઘટ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓમાં ૩૧,૯૪૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. કપાસ, કોટન અને મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડો થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૫૦૧૩ સોદાઓમાં રૂ. ૫૦૮૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૩૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૪૬૨ અને નીચામાં રૂ. ૪૮૨૧૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૯ વધીને રૂ. ૪૮૩૫૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૩૦૭ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૧૧ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧ વધીને બંધમાં રૂ. ૪૮૪૨૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૬૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૬૩૩ અને નીચામાં રૂ. ૪૮૨૪૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૪ વધીને રૂ. ૪૮૪૨૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૪ ઘટીને રૂ. ૪૮૫૯૭ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૬૫ વધીને રૂ. ૪૮૫૫૪ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૩૭૬૪ સોદાઓમાં રૂ. ૨૩૧૫.૭૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૮૭૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૩૪ અને નીચામાં રૂ. ૨૮૩૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮ વધીને રૂ. ૨૯૨૪ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૦૮૦ સોદાઓમાં કુલ રૂ. ૨૭૦.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૭૦૦ અને નીચામાં રૂ. ૧૫૫૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૦ ઘટીને રૂ. ૧૫૫૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૦૪.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૨ ઘટીને બંધમાં રૂ. ૭૦૧.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૯૭૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૦ અને નીચામાં રૂ. ૯૭૫ રહી, અંતે રૂ. ૯૭૬.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૫ અને નીચામાં રૂ. ૯૮૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬.૫૦ ઘટીને રૂ. ૯૮૭ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૮૨૨૮ સોદાઓમાં કુલ રૂ. ૨૯૨૬.૪૯ કરોડ ની કીમતનાં ૬૦૫૨.૩૩૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૬૭૮૫ સોદાઓમાં કુલ રૂ. ૨૧૫૯.૭૬ કરોડ ની કીમતનાં ૪૩૮.૩૭૫ ટન, ક્રૂડ તેલમાં ૪૦૫૯૫ સોદાઓમાં રૂ. ૧૭૧૨.૫૬ કરોડનાં ૫૯૫૦૭૦૦ બેરલ્સ, કોટનમાં ૭૨૮ સોદાઓમાં રૂ. ૪૯.૨૮ કરોડનાં ૩૧૨૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૨૨૨ સોદાઓમાં રૂ. ૨૧૧.૧૭ કરોડનાં ૩૧૯૪૦ ટન, મેન્થા તેલમાં ૮૫ સોદાઓમાં રૂ. ૯.૪૭ કરોડનાં ૯૬.૧૨ ટન, કપાસમાં ૪૫ સોદાઓમાં રૂ. ૯૨.૮૯ લાખનાં ૧૮૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૩૮.૮૯૯ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૭૮.૫૦૨ ટન, ક્રૂડ તેલમાં ૬૩૬૦ બેરલ્સ, કોટનમાં ૧૧૭૦૫૦ ગાંસડી, સીપીઓમાં ૭૦૯૬૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૪૫.૮ ટન અને કપાસમાં ૩૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૫૧.૪૦ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૬.૬૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૪.૧૬ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૫.૮૪ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૨૪ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૨૪ અને નીચામાં રૂ. ૨૬૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૧૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૮.૫ અને નીચામાં રૂ. ૯૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૧૮૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૮૨ અને નીચામાં રૂ. ૧૮૭૧.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૦૪.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૧૫૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૭૪ અને નીચામાં રૂ. ૨૦૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૮૦.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૭.૭ ખૂલી, ઊપરમાં રૂ. ૭.૭ અને નીચામાં રૂ. ૭.૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭.૭ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫.૪ અને નીચામાં રૂ. ૧૨૦.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૩.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૨ અને નીચામાં રૂ. ૧૭૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૨.૪ બંધ રહ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

### દગાબાજ ચીને ભારતને ચારેય તરફથી ભીસમા લીધું છે છતાં નેતાઓનુ મૌન શા માટે.....?

વિશ્વભરમા કોરોનાનો આક એક કરોડ ૨ લાખ ૫૦ હજારે પહોંચવા પર છે અને મૃતાક ૫૦૪૦૦૧ થી આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોનો આંક ૫. ૫૦ લાખને આંબવા પર છે અને મૃતાક ૧૬,૫૦૦ થી આગળ વધી રહ્યો છે... ત્યારે સમગ્ર વિશ્વને કોરોનાની ભેટ આપનાર ચીનને પણ કોરોના ભરખી જશે તેવી પરિસ્થિતી બની ગઈ છે....! કોરોનાને કારણે ચીનના ૪૦ ટકા જેટલા વૈશ્વિક પ્રોજેકટ અટવાઈ પડયા છે. વિશ્વના કેટલાક દેશોએ જીન પિગના મહત્વકાંક્ષી પ્રોજેકટ બેલ્ટ એન્ડ રોડ શરૂ કરવા નનૈયો ભણી દીધો છે તો અનેક દેશોએ તેનો માલ સામાન ઉપાડવાનુ બંધ કરી દેતા ચીનના અર્થતંત્રને પણ ભારે ફટકો પડવાની શરૂઆત થઈ ગઈ છે.....! છતાં દગાખોર ચીનન તેની વિસ્તારવાદી નીતિને આવા સમયેમાજ વધારવાના ખેલ શરૂ કરી કરી દીધા છે. અને તેનું કારણ છે વિશ્વની મહાસત્તાઓ સહિત મોટા ભાગના દેશો અત્યારના સમયમાં કોરોનાને નાથવામા ગૂંચવાયેલી છે. ત્યારે ચીને આ મહામારીનો ફાયદો ઉઠાવવા ભારતની સરહદોની ચારે તરફ લશ્કર ખડો કરી દીધું છે અને પેન્ગોગ સરોવરના કિનારા પાસે એરપોર્ટ, રોડ- રસ્તા બનાવી દીધા છે તો બંકરો પણ બનાવી દીધા છે.....! ગલવાનમાં ચીને જે ચોકી બનાવેલ તેને ભારતના લશ્કરે ઉખેડીને ફેંકી દીધી હતી ત્યાં તેને ફરી ચોકી બનાવવાની સાથે લશ્કરનો ખડકલો કરી દીધો છે. પાકિસ્તાન રસ્તે કાશ્મીર સરહદે પણ લશ્કર ખડકી દીધુ છે તો બાડમેર સામે આવેલ થરપારકરમાં કચ્છ થી ૨૦ કિલોમીટર દૂર એરપોર્ટ બનાવવાનું કામ યુદ્ધના ધોરણે ચાલુ કરી દીધું છે. ચીનના કહ્યાગરા નેપાળે પણ સરહદે સૈનિકોનો ખડકલો કરી દીધો છે. બાંગ્લાદેશ અને શ્રીલંકાને સમજાવવા ચીનના પ્રયત્નો ચાલુ છે... જોકે આ બંને દેશમાંથી કોઈ તૈયાર થાય તેમ નથી. ટૂંકમાં ભારતને ચારેબાજુથી ઘેરવા માટેની દુષ્ટ ચીને કોઈ મણા બાકી રાખી નથી. આ બાજુ ભારતે પણ એન્ટિક મિસાઈલ સહિતની એર ડિફેન્સ સિસ્ટમનુ વ્યુહ બધ્ધ આયોજન કરવા સાથે લશ્કરનો ખડકલો કાશ્મિર,ગલવાન,પેન્ગોગ સહિતના જરૂરી તમામ સરહદી વિસ્તારોમાં ગોઠવી દીધો છે. તો જાપાન સાથે નૌકાદળની કવાયત યોજીને ચીનને શાનમાં સમજાવવા કોશિશ કરી છે. ત્યારે મિત્ર દેશ અમેરિકાએ ચીનને દબાવવા એશિયામા મોટા પાયે લશ્કર ઉતારી દીધું છે. તો આસિયાન દેશો ચીનની દાદાગીરી થી નારાજ કે અને આશિયાન દેશોના ભારત સાથે ગાઢ સંબંધ છે. ત્યાં તેનો ગજ વાગતો નથી. તો હોગકોગ અને તાઈવાનને પણ સાણસામા લેવા તમામ પ્રયત્નો કરી રહ્યું છે પરંતુ તાઈવાન સાથે ની જૂની પછડાટને લઈને તે ચીનનો વિશ્વાસ કરતું નથી.....!

ભારતે ચીન પોતાની સરહદમાં ઘૂસ્યુ નથી કહીને વિશ્વભરમાં બદનામી વહોરી લીધી છે.....! વિશ્વના દેશો મોદીજી ઉપર મોટો વિશ્વાસ રાખે છે અને તેમણે સર્વપક્ષીય બેઠકમાં કહ્યું હતું કે ચીન ભારતની સરહદમાં પ્રવેશ્યું નથી.... ત્યારે બીજી તરફ વિશ્વના મીડિયામાં સેટેલાઈટ ઈમેજ બતાવવા સાથે ભારતીય સીમામાં ચીની લશ્કર ઘૂસી ગયાના અને લશ્કરી હાથાપાઈમા ભારતના ૨૦ જવાનોના મૃત્યુના સમાચાર પ્રસારીત થતા રહ્યા હતા. જે કારણે વિશ્વના અનેક દેશો કે ભારત પર આશા અને વિશ્વાસ રાખી રહ્યા છે. તે દેશોને મોટો આંચકો લાગ્યો હતો. તો ભારત ભરમા લોકોને પણ ભારે આઘાત લાગ્યો છે લોકો સવાલ કરે છે કે મોદીજી કે અમિત શાહ કે કેન્દ્રીય નેતાઓ સરહદે આવું બધું બનવા છતાં ચીન વિરૂધ્ધ બોલતા કેમ નથી....?

જયારે કે વિશ્વ સ્તરે ભારતની સરહદે ચીને કરેલ લશ્કરી જમાવડો,આપણા ૨૦ જવાનોની હત્યા બાબતોને ગજાવવાની જરૂર હતી..... છતાં કેન્દ્રીય નેતાઓ કે વડાપ્રધાનશ્રી મૌન કેમ છે.....?ચીને કરેલ સરહદી દખલ અંગેની હકીકતો ન બોલવાનું કારણ શું......? એટલે ભારતભરમાં ચીન સામે આક્રોશ તો ફેલાયેલોજ છે... પરંતુ હવે કેન્દ્ર સરકાર સામે પણ આક્રોશ સાથે શંકા-કુશંકાઓ વ્યક્ત કરવા લાગ્યા છે......!! મોદીજીએ હવે સ્પષ્ટ રીતે સત્ય વિગતો આમ પ્રજા સામે જાહેર કરવી જરૂરી છે.... તો આ સમયમા પક્ષાપક્ષીનું રાજકારણ સાથે એકબીજા પક્ષો પર આક્ષેપબાજી પણ બંધ કરવી જોઈએ તેવું આમ પ્રજા ઈચ્છી રહી છે..... હવે સમગ્ર બાબત વડાપ્રધાનશ્રી હાથમાં છે..... ચીનને જવાબ આપવાની અને ભારતને પ્રજાનો વિશ્વાસ પૂન: સ્થાપિત કરવાની..... નિર્ણય તેઓશ્રીએ જ કરવાનો છે......! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૩૦/૦૬/૨૦૨૦, મંગળવાર, અષાઢ સુદ-૧૦
સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૫,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્ર: સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૨૯થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૧, ૧૬-૧૨ થી શુભ-૧૭-૫૩ સુધી, ૨૦-૫૩ થી લાભ-૨૨-૧૨ સુધી, ૨૩-૩૨ થી શુભ-અમૃત-ચલ-૨૭-૨૯ સુધી

**- શુભ હોરા-**

૮-૨૨ થી ૧૧-૪૩ સુધી ૧૨-૫૧ થી ૧૩-૫૮ સુધી, ૧૬-૧૨ થી ૧૯-૩૪ સુધી, ૨૦-૨૭થી ૨૧-૧૯ સુધી

## મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં

### દારૂના ગુન્હામાં અટકાયત કરેલ બે બુટલેગરોને કોરોના પોઝેટીવ આવતા પોલીસકર્મીઓમાં ભય

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી એકાએક કોરોના પોઝીટીવ કેસોનો આંક સતત કુદકે ને ભૂસકે વધી રહયો છે.મોડાસા શહેરમાં સતત બીજા દિવસે કોરોના કહેર યથાવત રહેતા મોડાસા પાલિકાના પૂર્વ નગરસેવક મનસુર ભાઈ બેલીમ કોરોનાથી મોત નિપજતા અને સોમવારે મોડાસા શહેરમાં ૩ તાલુકામાં-૧ અને બાયડમાં કોરોનાનો કેસ નોંધાતા જીલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાયો છે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં ધરપકડ કરવામાં આવેલા સર્વોદય નગર વિસ્તારના રામ અને શ્યામ નામના બે સગા ભાઈઓનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતાં બંને આરોપીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આરોપીનો કોરોના પોઝિટિવ આવતા પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. આ બંને દર્દીઓને સારવાર માટે મોડાસાની કોવીડ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું આરોપીઓના સંપર્કમાં આવેલ પોલીસ કર્મીઓને કોરન્ટાઈન કરવા અને કોરોના રિપોર્ટ માટે સેમ્પલ લેવામાં આવશેની માહિતી પ્રાપ્ત થઈ હતી આ અંગે ટાઉન પીઆઇ વાઘેલાનો ટેલિફોનિક સંપર્ક કરવાનો સતત પ્રયત્ન કર્યો હતો પરંતુ ફોન રિસીવ કરવાનું મુનાસીબ સમજ્યું ન હોતું

પ્રાપ્ત સૂત્રોના જણાવ્યા અનુસાર,રાજ્યભરમાં કોરોના વાયરસે કેર મચાવ્યો છે.લૉકડાઉન અનલોક થતાની સાથે મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસ સર્વોદય નગર વિસ્તારમાંથી બે દિવસ અગાઉ દારૂના ગુન્હામાં સંડોવાયેલા રામ અને શ્યામ નામના બે સગા ભાઈઓની ધરપકડ કરી હતી સરકારની ગાઈડ લાઈન અનુસાર બંનેનો કોરોના રિપોર્ટ ટેસ્ટ કરાવતા તે પોઝિટિવ આવ્યો હતો. આરોપીનો કોરોના પોઝિટિવ આવતા જ પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ કોરોનાનો ભય ફેલાયો છે


મોડાસા શહેરના સર્વોદય નગર વિસ્તારમાં રહેતા બે યુવાનો,જનકપાર્ક માં રહેતા ૭૧ વર્ષીય વૃદ્ધ ,સરડોઈનો ૩૬ વર્ષીય યુવક અને બાયડ તાલુકાના ભુખેલ ગામનો ૩૨ વર્ષીય યુવક કોરોનાગ્રસ્ત બનતાં જીલ્લામાં કોરોનાનો આંક ૨૨૪ પર પહોંચતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે

મોડાસામાં રોજેરોજ કોરોના પોઝીટીવ કેસોનો આંક વધી રહયો છે જે ચિંતાનો વિષય છે.આ રોગને નાથવા માટે આરોગ્ય તંત્ર હવાતીયા મારી રહયું છે.પણ કોરોના સંક્રમણને અટકાવવા તંત્ર નિષ્ફળ રહેતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે

મોડાસા શહેરના પૈસાદાર લોકો કોરોનાની સારવાર માટે સ્થાનિક આરોગ્ય તંત્ર પર ભરોશો ન હોવાથી અમદાવાદ, ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે ત્યારે શહેરના ચાંદટેકરી વિસ્તારમાં ૧૨ લોકો કોરોનાગ્રસ્ત બન્યા હોવાની તમામ દર્દીઓની નમજોગ યાદી સોશ્યલ મીડિયામાં ફરતી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે બીજીબાજુ આ અંગે આરોગ્ય તંત્ર દ્વારા ચાંદટેકરી વિસ્તારમાં ૪ લોકોને કોરોના પોઝેટીવ હોવાનું જણાવ્યું હતું અને હાલ ચાંદટેકરી વિસ્તારને કન્ટેન્ટમેન્ટ કરવા અને સર્વને કામગીરી હાથધરાવાં આવી રહી હોવાનું જણાવ્યું હતું

## સાયલાના સેજકપર ગામની સીમમાં

### ચાલુ કટીંગે રેઈડ કરી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ સુરેન્દ્રનગર



મ્હે.પોલીસ અધિક્ષક સાહેબ શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ નાઓએ સુરેન્દ્રનગર જીલ્લામાંથી પ્રોહી / જુગારની બદી સંપુર્ણપણે નેસ્તનાબુદ કરવા અલગ અલગ ટીમો બનાવી પરીણામલક્ષી કામગીરી કરવા શ્રી ડી.એમ.ઢોલ સાહેબ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી. સુરેન્દ્રનગર નાઓને સુચના આપેલ હોય ,

જે અન્વયે શ્રી ડી.એમ.ઢોલ સાહેબનાઓએ એલ.સી.બી. ટીમને પ્રોહી / જુગાર અંગે ફળદાયક હકીકત મેળવી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના તથા માર્ગદર્શન આપતા એલ.સી.બી. ટીમ દ્વારા નાઈટ દરમ્યાન ખાસ પેટ્રોલીગ હાથ ધરી ચોકકસ બાતમી હકીકત મેળવેલ કે , મંગળુભાઈ જી / ૦ બાવકુભાઈ મોટભાઈ ખવડ તથા અનિરૂધ્ધભાઈ રામકુભાઈ ખવડ તથા જકાભાઈ કથુભાઈ ખવડ રહે.ત્રણેય સેકજપર તા.સાયલા વાળા એમ ત્રણેય સાથે મળી મંગળુભાઈ બાવકુભાઈના મરણજનાર કાકા માણશીભાઈ મોટભાઈ ખવડના સેજકપર - ગંગાનગર સીમમાં આવેલ વાડીના દક્ષિણ ખુણે આવેલ પડતર ખરાબાની જમીનમાં ગે - કા પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો પરપ્રાંતીયા વિદેશી દારૂનો જથ્થો ઉતારી તેના અન્ય સાગરીતો તથા વાહનો મારફતે તે દારૂનો જથ્થો કટીંગ કરવાની પ્રવૃતિ કરે છે . જે ચોકકસ બાતમી આધારે હકિક્ત વાળી જગ્યાએ પ્રોહી અંગે રેઈડ કરતા મહિન્દ્રા યુટીલીટી બોલેરો પીકપ ગાડી રજી.નં - જીજે - ૧૩ - એડબલ્યુ - ૨૦૯૮ કિ.રૂ .૫,૦૦,૦૦૦ / - તથા સદર પીકપમાં ભરેલ વિદેશી દારૂની મેકડોવેલ્સ નં -૧ સુપીરીયર વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ મીલીની કાચની કંપની શીલબંધ બોટલો નંગ -૧૧૮૮ કિ.રૂ .૪,૪૫,૫૦૦ / - તથા સોનાલીકા ડીએલ -૭૪૦ મોડલનું ટ્રેકટર રજી.ને - જીજે - ૧૩ - એમ -૧૧૮૪ કિ.રૂ .૩,૦૦,૦૦૦ / - તથા વિદેશી દારૂનો જથ્થો ભરેલ ટ્રોલી કિ.રૂ .૫૦,૦૦૦ / - તથા તેમાં ભરેલ ( ૧ ) રોયલ સ્ટગ પ્રીમીયર વ્હીસ્કી ૭૫૦ મીલીની કાચની કંપની શીલબંધ બોટલો નંગ -૫૬૪ કિ.રૂ .૨,૨૫,૦૦૦ / - ( ૨ ) મેકડોવેલ્સ નં -૧ સુપીરીયર વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ મીલીની કાચની કંપની શીલબંધ બોટલો નંગ -૫૮૮ કિ.રૂ .૨,૨૦,૫૦૦ / - એમ મળી કુલ રૂ .૧૭,૪૧,૬૦૦ / - નો મુદામાલ રાખી આરોપીઓ રેઈડ દરમ્યાન હાજર મળી નહીં આવી , તથા મહિન્દ્રા યુટીલીટી બોલેરો પીકપ ગાડી રજી.નં જીજે - ૧૩ - એડબલ્યુ -૨૦૯૮ નો ચાલક નાશી જઈ તમામ આરોપીઓએ વિદેશી દારૂની હેરાફેરી - કટીંગ કરી , ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય તમામ મુદામાલ કબજે કરી , આરોપીઓ વિરુદ્ધ પ્રોહી ધારા મુજબ સાયલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજી કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે . રેડીગ પાર્ટી

એલ.સી.બી. ટીમ સુરેન્દ્રનગરના પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એમ.ઢોલ સાહેબના સીધા સુપરવિઝન માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ . શ્રી વી.આર.જાડેજા સાહેબ તથા એ.એસ.આઇ , નરેન્દ્રસિંહ દીલાવરસિંહ તથા વાજસુરભા લાલુભા તથા પો.હેડ.કોન્સ . જુવાનસિંહ મનુભા તથા અમરકુમાર કનુભા તથા પો.કોન્સ . જયેન્દ્રસિંહ જેઠીભા તથા દીલીપભાઈ ભુપતભાઈ તથા ચમનલાલ જશરાજભાઈ તથા તથા અનિરૂધ્ધસિંહ અભેસંગભાઈ એ રીતેની ટીમ દ્વારા સચોટ બાતમી આધારે રેઈડ કરી ભારતીય બનાવટની વિદેશી દારૂનો જંગી જથ્થો પકડી પ્રોહીબીશનનો સફળ કવોલીટી કેસ શોધી કાઢેલ છે .

દીપકસિંહ વાઘેલા,

## કોંગ્રેસે GTU પરીક્ષા રદ કરવાની કરી માંગ

અમદાવાદ,તા.૨૯

જીટીયુની પરિક્ષાને લઇ રાજકીય રમખાણ શરૂ થઇ ગયું છે. સરકાર અને જીટીયુ પરિક્ષા લેવા મક્કમ છે તો વિપક્ષ કોંગ્રેસ પરિક્ષા કદ કરવાની માંગ કરી રહી છે. એનએસયુઆઇ દ્વારા વિરોધ પ્રદર્શન કરાઇ રહ્યું છે. તો બીજી તરફ હવે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વિટ કરી પરિક્ષા રદ કરી માસ પ્રમોશન આપવાની માંગ કરી છે. આ ઉપરાંત #MeritBasedPromotionGTU કેમ્પેઇન શરૂ કર્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વિટ કરતા લખ્યું હતુ કે, વિદ્યાર્થીઓના જીવન સાથે રમત કરવાનું બંધ કરે

સંવેદનહીન સરકાર અને જીટીયુ રાજયભરથી આવતા વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં ભેગા થાય ત્યારે તેમના પર કોવીડ-૧૯ના ઉભા થતા જોખમની જવાબદારી કોની? ૨ જુલાઈએ યોજાનારી પરીક્ષા રદ્દ કરી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવે કોરોના મહામારીના સમયમાં લોકોથી દૂર રહી વર્ચ્યુઅલ મિટિંગ અને પ્રેસ કોન્ફરન્સ કરનારી સરકાર કેમ ૨ જુલાઈએ જીટીયુની પરીક્ષા રાખીને વિદ્યાર્થીઓના જીવન સાથે જોખમી રમત કરી રહી છે? અન્ય રાજ્યો માસ પ્રમોશન આપી શકે છે તો કોરોનાથી મોટાપાયે અસરગ્રસ્ત ગુજરાતમાં કેમ નહીં?

કોંગ્રેસ પક્ષની માંગને લઇ જીટીયુ તરફથી કોઇ જવાબ આપવામા આવ્યો નથી, અને પરિક્ષા રદ થશે કે નહી તે હજુ અસમંજસની સ્થિતિ છે. મહત્વપૂર્ણ છે કે ૨ જૂલાઇના રોજ જીટીયુ દ્વારા પરિક્ષાની શરૂઆત થશે. તે પહેલા કોંગ્રેસ દ્વારા માસ પ્રમોશન કેમ્પેઇન શરૂ કરાયું છે. પરિક્ષા પર ચાલી રહેલી રાજકિય લડાઇમા હાલ વિદ્યાર્થી પરેશાન છે. કારણ કે, તે પરિણામ તૈયાર કરશે કે નહી, અથવા તેઓ વર્તમાન મહામારી વચ્ચે પરિક્ષા આપશે અને કશું થશે તો જવાબદારી કોણી બનશે. તેવા અનેક સવાલ વચ્ચે જીટીયુ પરિક્ષા પર ધમાસાણ ચાલી રહ્યું છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

કાજલ તજે ન શ્યામતા,
મુક્તા તજે ન શ્વેત.
દુર્જન તજે ન કુટિલતા,
સજ્જન તજે ન હેત.

ઉપરોક્ત સુભાષિતમાં દુર્જન માણસને કાજલ સાથે સરખવ્યો છે. જેમ કાજલને કંકુ સાથે રાખો તોય એનો રંગ છોડતું નથી એમ સ્વભાવથી જ દુર્જન મનુષ્યને ગમે તેવા સજ્જન લોકો સાથે રાખવામાં આવે તોય દુર્જનો એમની દુર્જનતા છોડી શકતાં નથી. આપણે વીંછી અને એક સજ્જનની વાર્તા સાંભળેલી છે કે, એક નદીમાં વીંછી તણાતો હોય છે અને સજ્જન એને બચાવે છે તોય બહાર આવી વીંછી એમને ડંખ માર્યા વગર રહી શકતો નથી. આમ, દુર્જન,દુષ્ટ માણસોને કાજલ સાથે સરખાવીને કહ્યું છે કે દુર્જન તેની કુટિલતા છોડી નથી શકતો.

એવી જ રીતે સજ્જન માણસને મોતી સાથે સરખાવતા કહ્યું છે કે,જેમ મોતી એની ચમક અને શ્વેતતા છોડતું નથી એમ સજ્જનો પણ એમનો પ્રેમ અને નમ્રતા છોડતાં નથી. સજ્જનો આપણી કહેવતને ધ્યાનમાં રાખતાં કહે છે કે, "કૂતરું બચકું ભરે તો સામે કૂતરાને બચકું ભરવા ના જવાય." આપણાં વૃદ્ધો પણ કહે છે, 'નબરા સામે નબરુ ના થવાય." આમ, સજ્જનને મોતી સાથે સરખાવીને કહ્યું છે કે, જેમ મોતી એની કિંમત અને ચમક ગુમાવતું નથી તેમ સજ્જન પણ તેની સજ્જનતા ગુમાવતાં નથી.

આમ, આ સુભાષિત દર્શાવે છે કે, માણસના પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય. માટે માણસ જ્યારથી સમજણો થાય ત્યારથી જ જાતનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. જેથી દુર્જનતા તરફ વળી ના જવાય.

જ્યોતિ આચાર્ય.NG : 0027.અમદાવાદ

---

સ્પર્ધા નં ૮

કાજલ તજે ન શ્યામતા,
મુક્તા તજે ન શ્વેત.
દુર્જન તજે ન કુટિલતા,
સજ્જન તજે ન હેત

અર્થ : કાજલ તેનો કાળો રંગ, મોતી તેનો સફેદ રંગ, ખરાબ વ્યક્તિ દુર્જનતા અને સારી વ્યક્તિ સજ્જનતા ક્યારેય છોડતા નથી.

વિસ્તારઃ આ સુભાષિતમાં સ્વભાવ અને ગુણની વાત કરી છે.વ્યકિત કે વસ્તુ ક્યારેય પણ પોતાનો સાચો સ્વભાવ કે ગુણ છોડી શકતા નથી.

પ્રથમ બે પંક્તિઓમાં વસ્તુ અને તેના ગુણની વાત કરી છે. કાજલ જે પોતાના કાળા રંગથી આંખને કામણગારી બનાવે છે. તે પોતાના શ્યામ રંગથી જ જાણીતું છે. તે રીતે મોતીની ઓળખ છે તેનો શ્વેત રંગ.સફેદ મોતીની માળા અલગ નિખાર લાવે છે વ્યક્તિત્વમાં."મોતી જેટલા શ્વેત તેટલા સુંદર".

બીજી બે પંક્તિઓમાં દુર્જન અને સજ્જન વ્યક્તિની વાત કરી છે. "પ્રકૃતિ અને પ્રાણ મનુષ્ય સાથે જ જાય".મનુષ્ય કોઈ પણ પરિસ્થિતિમાં પોતાનો અસલ સ્વભાવ છોડી શકતો નથી. દુર્જન વ્યક્તિ ભલે ગમે તેટલા સજ્જનનો સંગ કરે,પરંતુ તે પોતાની દુર્જનતા ક્યાંક , કોઈક સ્વરૂપમાં બહાર લાવી દે છે.ઘણીવાર આવી વ્યક્તિ આપણને મુશ્કેલીમાં મૂકી દે છે. તે રીતે સજ્જન વ્યકિત કોઈ પણ ખરાબ વ્યક્તિની સંગતમાં કેમ ન રહે તે પોતાની સજ્જનતાને ત્યજતો નથી. કોઈ પણ સારી -ખરાબ પરિસ્થિતિમાં તે પોતાની નમ્રતાથી જ કામ કરે છે.

જેનું ઉત્તમ ઉદાહરણ છે "સાપ અને ચંદન". સાપ ચંદનના વૃક્ષ પર રહેવા છતાં પોતાના ઝેરીલા સ્વભાવને છોડતો નથી, જ્યારે ચંદનનું વૃક્ષ પોતાની મીઠી સુવાસ છોડી ઝેર ગ્રહણ કરતું નથી.

"માણસ ઓળખાય તેના સ્વભાવથી,
વસ્તુ પરખાય તેના ગુણથી".
"સજ્જનનો સંગ ભલો,
દુર્જનથી અંતર ભલુ".

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
સ્પર્ધા નંબર : ૮
સુભાષિત :
કાજળ તજે ન શ્યામતા,
મુક્તા તજે ન શ્વેત,
દુર્જન તજે ન કુટિલતા,
સજ્જન તજે ન હેત.

આ સુભાષિતમાં કહે છે કે દરેક વસ્તુનો મૂળ સ્વભાવ હોય છે ?. જેમ કાજલનો સ્વભાવ છે શ્યામલતા અને મોતીનો શ્વેતપણુ. કાજલને તને ગમે તેટલું કરો એ સફેદ નહીં થાય. અને મોતી કાળુ નહીં થાય. કોઈપણ વસ્તુ પોતાનો મૂળ સ્વભાવ છોડી શક્તી નથી.કહેવત છે કે કૂતરાની પૂંછડી જમીનમાં દાટો પણ વાંકી તે વાંકી.એટલે તમે ગમે તે કરો દરેક પોતાનો મૂળ સ્વભાવ છોડી શકતા નથી આપણે જાણીએ છીએ કે કૂતરો એક વફાદાર પ્રાણી છે તમે એની પાસેથી બેવફાઈની કલ્પના પણ ના કરી શકો . તમે એક દિવસ એને વહાલથી બોલાવશો તો બીજા દિવસથી તમારી પાસે દોડીને આવશે.

સર્પ ફૂંફાડો કે ડંખ ના મારે એવી આશા શું તમે રાખી શકશો???એ એનો મૂળ સ્વભાવ છે.

મહાભારતમાં શકૂની કપટનો સ્વભાવ નથી છોડી શકતો અને યુધિષ્ઠિર કપટ નથી કરી શકતો.કર્ણનો સ્વભાવ દાનવીર નો છે જે દાનમાં કવચ અને કુંડળ પણ ઉતારીને આપી. દે છે. એ પોતાનો દાનવીરનો સ્વભાવ નથી છોડી શકતો.મંથરા કાનભંભેરણી ના છોડી શકે. રામ કર્તવ્ય પરાયણતા ના છોડી શકે.

સજ્જન પાસે કુટિલતાની
અને દુર્જન પાસે સજ્જનતાની આશા ના રાખી શકાય.

કોલસાને ગમે તેટલું ધોશો ઊજળો નહીં થાય.અને સોનાને ગમે એટલું અગ્નિમાં તપાવશો એમ એ વધુ નિખરી ઊઠશે એમ કોઈ પણ વ્યકિત કે વસ્તુ પોતાનો મૂળ સ્વભાવ છોડી શક્તી નથી.આપણે ત્યાં કહેવત છે ને કે પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં.

રૂપલ શાહ..ગાંધીનગર..૨૭/૦૬/૨૦

---

સ્પર્ધા નં ૮

કાજલ તજે ન શ્યામતા,
મુક્તા તજે ન શ્વેત.
દુર્જન તજે ન કુટિલતા,
સજ્જન તજે ન હેત.

ભાવાર્થ

કાજળ એનું શ્યામ રંગ, મોતી એનું શ્વેત રંગ નથી ત્યજતા. દુર્જુન એમની કુટિલતા તથા સજ્જન એમનું હેત નથી ત્યજતા.

અર્થવિસ્તાર

ઉપરોક્ત સુભાષિત દ્વારા કવિ વ્યક્તિના અનન્ય ગુણની દ્રઢતાની વાત કહી છે. કાજળ અને મુક્તકના ઉદાહરણમાં સજીવારોપણ (માનવીયકરણ) અલંકારનો ઉપયોગ કરી વાતને ખુબ સચોટ રીતે વ્યક્ત કરી છે.

જેમ કાજળ ને ગમે એટલું ધોઈએ પણ એ શ્યામ રંગ છોડતો નથી. ઉપરાંત, શ્યામ રંગ કાજળની ઓળખાણ છે. તેમ મોતી અનેક વિપરીત પરિસ્થિતિઓમાં પણ પોતાનો શ્વેત રંગ છોડતો નથી. કોઈ કુસંગ મોતીના ઉજ્વળ રૂપને મલીન કરી શકતો નથી. અથૈવ, દુર્જન વ્યક્તિ પોતાની દુષ્ટતા અને કુટિલતા ક્યારેય છોડી શકતી નથી. ડગલે ને પગલે એની કુટિલતા એમના ઈરાદા પર છવાયેલી રહે છે. એમને ધૃષ્ટ કૃત્ય માટે પ્રેરિત કરતી રહે છે. જ્યારે સદ્ભાવના, સ્નેહ,કલ્યાણ, શાંતિ એ સજ્જન વ્યક્તિઓનો સ્વભાવ છે. દુર્જન પુરુષો એમની સજ્જનતાને કદી પ્રભાવિત કરી શકતા નથી.

અકબરના દરબારના નવરત્નોમાંના એક શ્રી રહીમદાસજીએ એમના એક દુહામાં સાચું જ કહ્યું છેઃ

जो रहीम उत्तम प्रकृति, का करी सकत कुसंग।
चंदन विष व्यापत नहीं, लिपटे रहत भुजंग।।

આ દુહામાં રહીમદાસજી કહે છે કે વ્યક્તિ પોતાની મૂળ પ્રકૃતિ ક્યારેય ત્યજતો નથી. કવિ કહે છે કે કોઈ કુસંગ અર્થાત્ ખરાબ સંગત, શ્રેષ્ઠ સ્વભાવ ધરાવતી વ્યક્તિની સજ્જનતાને ડગાવી શકતા નથી. આ વાતને સ્પષ્ટ રીતે અભિવ્યક્ત કરતાં ચંદન અને સર્પનો ઉદાહરણ પ્રસ્તુત કર્યો છે.

શીતળાતા અને શુદ્ધતા એ ચંદનનો મૂળ ગુણધર્મ છે. ઝેર અને ક્રોધ એ સર્પનો સ્વભાવ. શીતળતા અને સુગંધથી પ્રભાવિત સર્પો ચંદનના વૃક્ષને સતત વીંટળાયેલા રહે છે. ઉપરાંત, સતત ફુંકાર્યા કરે છે. પરંતુ ચંદનનું વૃક્ષ ક્યારેય ઝેરી થઈ જતું નથી.

અર્થાત્, What you are, you are. None can change you.

પલ્લવી ગુપ્તા

# શ્રી કમલમ ખાતે પ્રદેશ કોર ગ્રુપ,પ્રદેશમાં મહામંત્રીશ્રીઓ અને પ્રદેશ અગ્રણીશ્રીઓની બેઠક મળી



આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ કોર ગ્રુપ, પ્રદેશમાં મહામંત્રીશ્રીઓ અને પ્રદેશ અગ્રણીશ્રીઓની બેઠક મળી હતી. આજની આ બેઠકમાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી.સતીશજી, કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે આજની આ બેઠકમાં આગામી સમયમાં યોજાનાર આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીઓ ના સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી તેમજ જે આઠ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી આવનાર છે તે તમામ બેઠકો માટે સરકારમાંથી એક મંત્રી અને સંગઠનમાંથી એક હોદ્દેદારશ્રી એમ બેઠક દીઠ બે-બે ઈન્ચાર્જશ્રીઓ ની નિમણૂક કરવામાં આવી હતી.વિધાનસભા પેટા ચૂંટણીઓ અંગેની વ્યવસ્થા અને પૂર્વતૈયારી અંગેનું પ્રદેશ સ્તરેથી સંકલન પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ અને પૂર્વ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી કરશે.

મહામંત્રીશ્રી કે.સી. પટેલ, લીંબડી બેઠક માટે મંત્રીશ્રી આર.સી. ફળદુ અને શ્રી નિતિનભાઈ ભારદ્વાજ, કરજણ બેઠક માટે મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા અને પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ તથા ડાંગ બેઠક માટે મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા અને શ્રી પુર્ણેશભાઈ મોદીને ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કપરાડા વિધાનસભા બેઠક માટે મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ અને પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર, મોરબી બેઠક માટે મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા, ગઢડા બેઠક માટે મંત્રીશ્રી કુંવરજી બાવળીયા અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા તથા ધારી બેઠક માટે મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા(હકૂભા) અને શ્રી ધનસુખભાઈ ભંડેરીને ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

### સરકારના વિવિધ વિભાગોમાં કોઇ કારણોસર અટકી પડેલી ભરતી પ્રક્રિયાઓ પુનઃ શરૂ કરી

# ઉમેદવારોને ન્યાય આપવામાં આવે તેવી માંગણી સાથે પાટણના ઉમેદવારોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું




સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે અરજીઓ કરનાર પાટણ શહેર સહિત જિલ્લાના ઉમેદવારોએ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવી કલેકટરને ઉદ્દેશીને ચીટનીશને આવેદનપત્ર આપી જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ કોઈને કોઈ કારણોસર અટકાવી દેવામાં આવી છે. કેટલીક ભરતીઓ એવી છે કે જેમાં તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. છતાં નિમણૂક આપવામાં આવી નથી.

સરકારની નબળી નીતિને કારણે છેલ્લા બે વર્ષથી નોટિફિકેશન થયેલ પરીક્ષાઓ પણ લેવામાં આવી નથી. ગુજરાતમાં આશરે ૪૦,૦૦૦ જેટલી જગ્યાઓ માટેની પ્રક્રિયા અલગ-અલગ તબક્કે અટકી છે. જેથી રાજ્યના ૧૫ થી ૧૭ લાખ યુવાનો બેરોજગાર બેઠા છે. ત્યારે જે ભરતીમાં માત્ર નિમણૂક આપવાની બાકી છે, તે ભરવામાં આવે તેવુ જણાવવામાં આવ્યું હતું. જે પરીક્ષા થઈ ગઈ છે તેના પરિણામો જાહેર કરવામાં આવે. તેમજ જે ભરતી પ્રક્રિયાની પરીક્ષા બાકી હોય તેની સત્વરે તારીખ જાહેર કરવામાં આવે તેમજ સરકાર દ્વારા ૧/૮/૧૮ ના જી.આર. નુ બંધારણીય રીતે નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ કરી હતી.ધ્રુવ દવે.સિદ્ધપુર



ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદેશ પ્રવક્તા નીશીત વ્યાસ.હિમાંશુ પટેલ,જિલ્લા પ્રમુખ સુર્યાસિંહ ડાભી,તેમજ શહેર જિલ્લા ના હોદ્દેદારો હાજર રહી ડીઝલ.પેટ્રોલ ભાવ વધારા બાબતે વિરોધ પ્રદર્શિત કર્યો.

# માણાવદરના જાંબાઝ પત્રકાર હિતેષ પંડયા નો આજે જન્મ દિવસ

(જીજ્ઞેશ પટેલ દ્વારા )

માણાવદરના આજકાલ પેપર તથા અબતક ચેનલ ના રીપૉર્ટર તેમજ પોરબંદર લોકસભ મિડિયા સેલના ઇન્ચાર્જ તેમજ આજક ગિરીનારાયણ બ્રહ્મ સમાજ મુંબઇ ના પ્રાદેશિક પ્રતિનિધિ તેમજ માણાવદર બ્રહ્મસમાજ મા જ્ઞાતિ ના વાડા હતા પરંતુ માણાવદર પત્રકાર શ્રી હિતેષ પંડયા એ સમસ્ત બ્રહ્મસમાજ ને એક કરવા મા મહત્વ નો ભાગ ભજવેલ હતો આજે એમને કારણે સમસ્ત બ્રહ્મસમાજ એક થયેલ છે.તેઓ માણાવદર સમસ્ત બ્રહ્મ સમાજના યુવા આગેવાન અને બ્રહ્મ સેના ગુજરાત ના જિલ્લા કમીટી મેમ્બર તેમજ અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા હિતેષ પંડયા નો આજે જન્મ દિવસ છે તેઓ છેલ્લા ૧૯ વર્ષ થી આજકાલ દૈનિક પેપર માં પત્રકાર ક્ષેત્રમાં જોડાયેલ છે તેમજ અબતક ન્યૂઝ ચેનલ મા પણ ઘણા સમયથી રીપોટીંગ કરી



રહયા છે. માણાવદર શહેર તેમજ તાલુકાની નાની મોટી સમસ્યા તથા પ્રજાનો આવાજ સતામાં બેઠેલા લોકોને ન સંભાળતા હોય ત્યારે લોકોના આવાજને મિડિયા ના માધ્યમ થી સરકાર અને તેમના વહિવટીતંત્ર સુધી પહોંચાડી લોકોના પ્રશ્નૉ ને હંમેશા વાંચા આપે છે હાલ ચાલી રહેલ કોરોનાની મહામારી ના તમામ ન્યૂઝ લોકો સુધી પહોંચાડી રહયા છે લોકોના પ્રશ્નો અને સમસ્યા ને હંમેશા વાંચા આપતા રહે છે . આજે તેમના જન્મ દિવસે શહેર ના નામી અનામી સર્વે લોકો તેમને મોબાઈલ થી શુભેચ્છા પાઠવી રહયા છે.

# જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેકટર આવેદનપત્ર પાઠવ્યું

(જીજ્ઞેશ પટેલ દ્વારા )



આજરોજ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના વિસાવદર ના ધારાસભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયા, માંગરોળ ધારાસભ્યશ્રી બાબુભાઈ વાજા, જુનાગઢ ધારાસભ્યશ્રી ભીખાભાઈ જોષી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી નટુભાઈ પોકીયા તથા જિલ્લાના તમામ તાલુકાના કોંગ્રેસ ના પ્રમુખશ્રીઓ તથા વંથલી, માણાવદર, બાંટવા નાં શહેર કોંગ્રેસ પ્રમુખશ્રીઓ તથા જિલ્લા ભરમાંથી ચુંટાયેલા કોંગ્રેસ ના સભ્યશ્રીઓ તથા કોંગ્રેસ ના વિવિધ સંગઠનો ના પ્રમુખશ્રીઓ તથા જિલ્લા, તાલુકા તથા નગરપાલિકા નાં વોર્ડ સંયોજકો જિલ્લા કોંગ્રેસ ભવન ખાતે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી જિલ્લા સમિતિ દ્વારા કલેકટર મારફતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ને આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા હાલમાં લોડડાઉન તથા પછી અનલોક નાં સમયગાળામાં આમ જનતાને ગુજરાન ચલાવવું મુશ્કેલ હોય સરકાર તરફથી ગરીબ અને મધ્યમવર્ગીય જનતા તથા ખેડુતો માટે કોઈ રાહત આપવામાં આવી નથી ઉપરથી સતત વધતા રાંધણગેસ, પેટ્રોલ, ડીઝલ ના ભાવોમાં છેલ્લા વીશ દિવસમાં લીટરે દશથી બાર રુપિયા નો વધારો કરવામાં આવ્યો હોવાથી તથા અન્ય જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મા પણ સરકારી ઉંચા ટેક્ષના કારણે મોંધવારીએ માઝા મુકી છે આવી પરિસ્થિતિનો આમ જનતા સામનો કરી શકે તેમ નથી જેથી સરકારી ટેક્ષો હાલ પુરતા નાબુદ કરી મોંધવારી મા કાંઈ રાહત થાય તથા સાગર ખેડુતો ને સરકાર ડીઝલ સબસીડી આપતી હોયતો ખેડુતોને પણ ડીઝલ સબસીડી આપે કારણકે ખેડુતોની ખેતી ટ્રેક્ટરથી થતી હોય જેમાં બેરલો,ટેન્કરોના મોઢે ડીઝલ વપરાશ થતો હોય છે જેથી ખેડૂતો ને પણ ડીઝલ સબસીડી આપવામાં આવે તથા ગરીબ અને મધ્યમવર્ગીય જનતા ને આર્થિક સહાય રુપે દરમહિને દશ હજાર ની સહાય આપવામાં આવે તથા અતી ગરીબોને ઓગસ્ટ મહિના સુધી રાંધણગેસના સિલિન્ડર મફત આપવામાં આવે તેવી આવેદનપત્ર માં માંગણી કરી છે

આજરોજ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના વિસાવદર ના ધારાસભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયા, માંગરોળ ધારાસભ્યશ્રી બાબુભાઈ વાજા, જુનાગઢ ધારાસભ્યશ્રી ભીખાભાઈ જોષી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી નટુભાઈ પોકીયા તથા જિલ્લાના તમામ તાલુકાના કોંગ્રેસ ના પ્રમુખશ્રીઓ તથા વંથલી, માણાવદર, બાંટવા નાં શહેર કોંગ્રેસ પ્રમુખશ્રીઓ તથા જિલ્લા ભરમાંથી ચુંટાયેલા કોંગ્રેસ ના સભ્યશ્રીઓ તથા કોંગ્રેસ ના વિવિધ સંગઠનો ના પ્રમુખશ્રી ઓ તથા જિલ્લા, તાલુકા તથા નગરપાલિકા નાં વોર્ડ સંયોજકો જિલ્લા કોંગ્રેસ ભવન ખાતે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી જિલ્લા સમિતિ દ્વારા કલેકટર મારફતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ને આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા હાલમાં લોડડાઉન તથા પછી અનલોક નાં સમયગાળામાં આમ જનતાને ગુજરાન ચલાવવું મુશ્કેલ હોય સરકાર તરફથી ગરીબ અને મધ્યમવર્ગીય જનતા તથા ખેડુતો માટે કોઈ રાહત આપવામાં આવી નથી ઉપરથી સતત વધતા રાંધણગેસ, પેટ્રોલ, ડીઝલ ના ભાવોમાં છેલ્લા વીશ દિવસમાં લીટરે દશથી બાર રુપિયા નો વધારો કરવામાં આવ્યો હોવાથી તથા અન્ય જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મા પણ સરકારી ઉંચા ટેક્ષના કારણે મોંધવારીએ માઝા મુકી છે

આવી પરિસ્થિતિનો આમ જનતા સામનો કરી શકે તેમ નથી જેથી સરકારી ટેક્ષો હાલ પુરતા નાબુદ કરી મોંધવારી મા કાંઈ રાહત થાય તથા સાગર ખેડુતો ને સરકાર ડીઝલ સબસીડી આપતી હોયતો ખેડુતોને પણ ડીઝલ સબસીડી આપે કારણકે ખેડુતોની ખેતી ટ્રેક્ટરથી થતી હોય જેમાં બેરલો,ટેન્કરોના મોઢે ડીઝલ વપરાશ થતો હોય છે જેથી ખેડૂતો ને પણ ડીઝલ સબસીડી આપવામાં આવે તથા ગરીબ અને મધ્યમવર્ગીય જનતા ને આર્થિક સહાય રુપે દરમહિને દશ હજાર ની સહાય આપવામાં આવે તથા અતી ગરીબોને ઓગસ્ટ મહિના સુધી રાંધણગેસના સિલિન્ડર મફત આપવામાં આવે તેવી આવેદનપત્ર માં માંગણી કરી છે

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

# થરાદના નાગલા પુલ પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાંથી યુવકની તરતી લાશ મળી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નાગલા પુલ પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાંથી આજે એક યુવકની તરતી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે સ્થાનિક લોકોએ તરવૈયા અને ફાયર ફાઈટર વિભાગને જાણ કરી હતી. જેથી સ્થાનિક તરવૈયાઓ અને ફાયર ફાઈટર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી.

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નાગલા પુલ પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાંથી આજે એક યુવકની તરતી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે જાણ થતાં આસપાસના વિસ્તારમાં રહેતા લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને આ બાબતે સ્થાનિક લોકોએ તરવૈયાઓને તેમજ થરાદ નગરપાલિકાના ફાયર ફાઈટર વિભાગને પણ જાણ કરી હતી. જેથી થરાદ નગરપાલિકાના તરવૈયા અને ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. જેમાં તપાસ દરમિયાન મળી આવેલ લાશ લાખણી તાલુકાના લાવાના ગામના કોઈ યુવકની હોવાનું જાણવા મળ્યું હતું. આથી મૃતદેહને બહાર કાઢી તેના પરિવારજનોને સોંપી આગળની વધુ તપાસ માટે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ દ્વારા બનાવ સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવી છે.

### સિદ્ધપુર શહેરના નાગરિકોને

# ખોટી વાતોમાં ના આવવામાં અને ભ્રમ ફેલાવતા લોકો સમક્ષ જાગૃત નાગરોકો તેમજ કોર્પોરેટર એ આઈનો બતાવવાનો પ્રયાસ કર્યો

ઐતિહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુરના મધ્યમાંથી પસાર થતી પાવન પવિત્ર સલીલા સૂકી ભટ્ટ સરસ્વતી નદીની જાળવણી અને સાર સંભાળવિના તેમજ પ્રશાસનની ઉદાસીનતાના કારણે બિનજરૂરી ઉગીગયેલા જંગલી બાવળીયા,આકડીયા,જાડી જાખલા અને કચરાના ઢગલાથી પવિત્ર નદી માતાને મુક્ત કરાવી સ્વચ્છ અને રમણીય સ્થળ બને તે માટે હંમેશા શહેરની પ્રજાની સાથે રહેનાર જાગૃત નાગરિકો સેવાભાવી સંગઠનો દ્વારા સિદ્ધપુર શહેર અને તાલુકાના વિકાસ પુરુષ પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ.જય નારાયણભાઈ વ્યાસ સાથે રૂબરૂ સંપર્ક કરી સમગ્ર વાતથી માહિતગાર કરી તેમના અનુભવ અને માર્ગદર્શન મેળવી પાટણ જિલ્લા કલેકટર સિદ્ધપુરના પ્રાંત અધિકારી તેમજ નગરપાલિકાના સત્તાધીશો સાથે ગહન ચર્ચા વિચાર-વિમર્શ તેમ જ ધારદાર રજૂઆત કરી પાલિકા તંત્ર દ્વારા આ અતિ અગત્યના કામની મહત્વતા જાણી તાત્કાલિક શહેરની ધરોહરને બચાવવા અને સંરક્ષણ કરવા તેમજ હિન્દૂ ધર્મના લોકોની દુભાતી લાગણી ને અનુલક્ષી પ્રકૃતિની જાળવણી તેમજ શહેરની ધાર્મિક ઓળખ જળવાઈ રહે તે માટે બિનવારસી ઉગી ગયેલા બાવળીયા આકડીયાના જંગલને કટિંગ કરી સાફ-સફાઈ કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું અને નગરપાલિકાના હોલ માં હરાજી યોજી ડાભી હજુભ લક્ષમણજી(કાંકરેજ -શિહોરી વાળા)ને ઉંચી બોલી લગાવી આ ટેન્ડર એક લાખ વિસ હજાર રૂપિયા માં પ્રાપ્ત કરી કામ શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે પાલિકા તંત્ર દ્વારા અતિ સંવેદનશીલ વિસ્તાર જેવો કે પશુવાદળની પોળ પાસે આવેલ સ્વયં પ્રાગટ્ય શ્રીસિકોતર માતાના મંદિરની સામેની બાજુથી સિદ્ધ પીઠ શ્રીહિંગળાજ માતાજીના મંદિર સુધીના ઉભા પટમાં આકડીયા અને જંગલ વિસ્તારમાં જ અસામાજિક તત્વોનો અડ્ડો જમાવીને બેઠેલા અને ભૂતકાળમાં બે પ્રેમી પંખીડાઓ બાવળના જંગલમાં એકલતાનો લાભ ઉઠાવી આત્મહત્યા કરી હતા તેમજ એક નાગરિકનું શંકાસ્પદ મોત નિપજ્યું હતું અને તેની લાશ બેદિવસ બાદ કોવાએલી હાલતમાં મળી હતી જેના કારણે આજુબાજુના



રહીશો તેમજ શહેરના નાગરિકોને દેવ દર્શને આવન-જાવન કરવામાં ભયની લાગણી અનુભૂતિ કરતા હતા તે માટે આ વિસ્તારને અગ્રીમતા આપી ૨૯/૧૧/૨૦૧૯ થી મેં ૨૦૨૦ સુધી ૩૫ થી ૪૦ જેટલા મજુરો ને સાથે રાખી નદીમાં બિનજરૂરી ૨૦થી ૨૫ ફૂટ જેટલા ઉગેલા બાવળિયાના જંગલને કટીંગ કરવાનું અને તેને બાળી તેમાંથી કોલસા પાડવાની કામગીરી આરંભાઇ હતી અને મહદંશે કામ પૂર્ણતાને આરે હોવાના સમયે અચાનક કોરોના વાયરસની મહામારી સામે આવતા તેમજ સંપૂર્ણ lockdown ના કારણે કામ બંધ કરવાની ફરજ પડી હતી તેવામાં આ કારીગરો સ્થળ છોડીને પોતાના માદરે વતન તરફ વાટ ના ભરે તે માટે સ્થાનિક જૂના અખાડા મંડળ દ્વારા ર્ક્ષ્ઠાર્હ્ણહ ના સમયમાં ૫૦ દિવસ કરતાં વધુ સમયમાં તેમને બંને ટાઈમ શુદ્ધ અને સાત્વિક ભોજનની વ્યવસ્થા પૂરી પડાઈ હતી જે ખરેખર પ્રશંસનીય અને વંદનીય બાબત છે આ બાવળીયા કટીગ નું કામ ગત ચોમાસાની ઋતુ પૂરી થયા બાદ શરૂ કરાયું હતું અને ત્યારબાદ વર્તમાન સ્થિતિમાં આ જગ્યાએથી મોટા પ્રમાણમાં બાવળિયાના જંગલને કટિંગ થવાથી શ્રીસિકોતર માતાના મંદિરથી શ્રીહિંગળાજ માતાના મંદિર સુધીનો ઉભા પટનો નજારો ખુલ્લી આંખે હાલમાં જોઈ શકાય તેમ છે અને નિર્ભય બની આવન-જાવન પણ કરી શકાય તેમ છે હાલમાં ચોમાસાની મોસમ શરૂ થતા આ કામગીરી શરૂ કરી કોલસા પાડી શકાય તેમ નથી જેના કારણે આગામી શ્રાવણ માસની વદ - સાતમ /આઠમ બાદ ફરીથી આ બાવળીયા કટીગ નું કામ ફરી ફુલ જોરથી ચાલુ કરી દેવામાં આવશે તેવું સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થયેલ છે પરંતુ આ કામ જેટલું સહેલું અને સહજ લાગે છે એવું નથી આ કામ માટે ગામના નાગરિકોએ સાથ અને સહકાર આપવા માટે બહાર નીકળવું પડશે.

આગામી સમયમાં નગર પાલિકાનું ઈલેક્શન આવતું હોવાથી કેટલાક તકવાદી માણસો જસ ખાટવાના ચક્કરમાં ભોળી પ્રજાને ગુમરાહ કરવાનો બાલિશ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સત્ય આનાથી વિપરીત છે નગરપાલિકા તંત્ર ની દેખરેખ હેઠળ આ બાવળીયા કટિંગનું કામ ચાલુજ છે પહેલા કોરોના વાયરસ અને લોકડાઉનના કારણે તેમજ વર્તમાનમાં ચોમાસાની સીઝન સારુંથતી હોય હાલ પૂરતું કામ બંધ છે પરંતુ આગામી શ્રાવણ માસની વદ - સાતમ /આઠમ થી આ બાવળીયા કાપવાનું કામ ફરીથી શરુ કરી દેવાશે અને હવે નવી કામગીરી મધુપાવડીયા ઘાટ પાસે બનાવાયેલ ચેકડેમ ની સાફ સફાઈ કરવાની કામગીરીને અગ્રતા આપવામાં આવનાર છે શહેરના નાગરિકોને ખોટી વાતોમાંના આવવામાં અને ભ્રમ ફેલાવતા લોકો સમક્ષ જાગૃત નાગરિકો અને કોર્પોરેટરએ આઈનો બતાવવા નો પ્રયાસ કર્યો હતો.(ધ્રુવ દવે.સિદ્ધપુર)

### અરવલ્લીના પશુપાલકો આનંદો

# હવે ટોલ ફ્રી નં.૧૯૬૨ પર કોલ કરો અને પોતાના પશુની ઘરઆંગણે નિઃશુલ્ક સારવાર મેળવો



અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજ્યના પશુપાલકોને ઘરઆંગણે તેમના પશુઓની વિનામૂલ્યે સારવાર મળી રહે તે રાજ્ય વ્યાપી પ્રારંભ કરાયેલા મોબાઈલ પશુ દવાખાના અંતર્ગત અરવલ્લી જિલ્લાને ફાળવવામાં આવેલી ૦૫ મોબાઈલ પશુ એમ્બ્યુલન્સને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હંસાબેન પરમાર અને ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતમાં જિલ્લા પંચાયત કચેરી ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રાજ્યના પશુપાલકોને સરળતાથી ઘરઆંગણે નિ;શુલ્ક પશુ સારવાર મળી રહે તે હેતુથી ય્ફ્દ્ધ સંચાલિત પી.પી.પી મોડેલથી ૧૦ ગામદીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજના અમલમાં મૂકવામાં આવી છે, ત્યારે અરવલ્લી જિલ્લાને પ્રથમ તબક્કામાં ૦૫ મોબાઈલ પશુ દવાખાનારૂપે એમ્બ્યુલન્સની ફાળવણી કરાઈ છે. આ યોજનાથી પશુપાલકો ટોલ ફ્રી નંબર ૧૯૬૨ ઉપર ફોન કરી પાલતું પશુઓ માટે ૩૬૫ દિવસ ઘરઆંગણે નિ;શુલ્ક પશુસારવાર કરાવી શકશે. પશુપાલકો માટે આશીર્વાદરૂપ સમાન આ યોજના અંગે જણાવતા જિલ્લા પશુપાલન અધિકારી શ્રી ચૌહાણે કહ્યુ હતું કે, પશુ પાલકોને હવે પોતાના પશુઓને દવાખાના સુધી લાવવા-લઈ જવામાં પડતી મુશ્કેલીઓ દૂર થતા આ નિઃશુલ્ક સેવાથી પશુઓની સારવાર ઘરબેઠાં કરાવી શકશે. જેનાથી અરવલ્લી જિલ્લાના ૯. ૨૦ લાખ પશુધનને લાભ મળશે. કરૂણા એમ્બ્યુલન્સના પ્રસ્થાન વેળા એ ભિલોડાના ધારાસભ્ય શ્રી ડૉ.અનિલ જોષીયારા,બાયડના ધારાસભ્ય શ્રી જશુભાઈ પટેલ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયા સહિત પશુપાલન વિભાગના સ્ટાફગણ ઉપસ્થિતિ રહ્યા હતા.

જિલ્લાના કયા કયા ગામોને લાભ મળશે??

ધનસુરા તાલુકાના રમોસ, આમોદ્રા, જસવંતપુરાકંપા, કિડી, જાલમપુર, કાશીપુરા, રામપુરા(વડાગામ) કનાલ, કંજોડીયા અને કિશોરપુરા

ભલોડા તાલુકાનાં ટાકાટુકા, પાદરા, કલ્યાણપુરા, જાયલા, ઉબસલ,બોલુન્દ્રા, મઠ, કમઠાડીયા, બાવળીયા અને વજાપુર

માલપુર તાલુકાના અણિયોર, કોઠી, પરપોટીયા, ડામોરના મુવાડા, કોઠીયા, વાડીનાથના મુવાડા, ખલીકપુર, વાકાનેડા,સુવરચાર અને વિરણીયા

બાયડ તાલુકાના રણેચી, રડોદરા,કાદવીયા, ટોટુ, લાલપુર, હેમાત્રાલ,જુમાત્રાલ, દહેગામડા, સીમલજ અને નાંભેલા

મોડાસા તાલુકાના મોટી ઈસરોલ, નાની ઈસરોલ, જીતપુર, સુરપુર,માધુપુર,રાજલી, ભીલકુવા, વાઘોડીયા, ઉમેદપુર અને જીવણપુરના ગામના પશુપાલકોનો સમાવેશ થાય છે.

### પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારા સામે અરવલ્લી કોંગ્રેસ આક્રમક બની

# મોડાસા ચાર રસ્તા પર જોરશોરથી વિરોધ પ્રદર્શન કર્યું ,ત્રણ ધારાસભ્યો સહીત ૧૫ની અટકાયત



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ નિર્માણની માંગ અને પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત થઈ રહેલો ભાવ વધારો, મોંઘવારીએ માજા મુકતા પ્રજાના પ્રશ્નોને વાચા આપવા વિવિધ રીતે વિરોધ પ્રદર્શન કરી રહી છે ત્યારે મોડાસા શહેરમાં ચાર રસ્તા ખાતે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આક્રમક વિરોધ નોંધાવી સૂત્રોચ્ચાર કરી ધરણા પર બેસતા સતત વાહનોથી ધમધમતા રોડ પર ટ્રાફિકજામ ના દ્રશ્યો સર્જાયા હતા મોડાસા ટાઉન પોલીસે કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો, અગ્રણી આગેવાનો સહીત ૧૫ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી .ી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અને મોંઘવારી વિરુધ્ધ પ્રદર્શન યોજી મુખ્યમાર્ગ ઉપર ફરી કાર્યક્રમ આપી ભાજપ સરકારની નીતિ સામે આક્ષેપો કરી જણાવેલ કે ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા અને રાજ્ય સરકારના શાસનમાં કેન્દ્ર અને રાજયમાં પેટ્રોલ-ડિઝલ અને રાંધણગેસ સહિત જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓમાં સતત વધારો કરાઈ રહ્યો છે. લોકડાઉનના પગલે ધંધા રોજગાર બંધ રહેવાથી ગરીબ અને મધ્યમવર્ગ અસહય મોંઘવારીના બોજા હેઠળ ભારે હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે જ છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ભાજપની સરકારે પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો ઝીંકી દેતા સામાન્ય માણસની કમર તોડી નાખી છે. ડિઝલના ભાવ વધતા ટ્રાન્સપોર્ટ મોંઘુ થતાં જીવનજરૂરિયાતની તમામ વસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા છે. કોંગ્રેસે વધુમાં જણાવ્યું કે કોરોના મહામારીના સમયમાં પ્રજા મુશકેલીમાં હોય ત્યારે સરકાર દ્વારા મદદ કરવાની થતી હોય છે પરંતુ મુંગેરીલાલના સપના જેવું રાહત પેકેજ જાહેર કરી લોકોની વેદનામાં વધારો કરવાનું કૃત્ય કર્યું છે અને સાથોસાથ પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારાની સાથોસાથ જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓમાં પણ સખત ભાવ વધારો કરી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને મોંઘવારીના બોજા હેઠળ ધકેલી દેવામાં આવ્યા છે. પરિણામે સામાન્ય વર્ગ ભારે હાલાકી ભોગવી રહ્યો છે. પેટ્રોલ પેદાશમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ઘટાડો થઈ રહ્યો હોવા છતાં સેન્સ અને જીએસટીમાં સતત વધારો કરી ત્રણ ગણા ભાવથી પેટ્રોલ વહેંચી લોકોની યાતનામાં વધારો કરવાનું કામ ભાજપ સરકારી કર્યું છે જેને કોંગ્રેસ દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી કઢાઇ છે.


# વંથલી પોલીસે તસ્કર ત્રિપુટી ને પકડી ત્રણ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

વંથલી પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ કરતા ત્રણ તસ્કરોને ઝડપી લઇને ત્રણ ધરફોડ ચોરી અને એક વાહન ચોરી નો ભેદ ઉકેલીને ચોરાયેલ લાખાનો મુદ્દામાલ રીકવર કરેલ

વંથલી ના નવનિયુક્ત પીએસઆઇ બી.કે. ચાવડા સહિતના સ્ટાફે બાતમીના આધારે ધરફોડ ચોરીના કેસમાં વંથલી ના ડુંગરી ગામના જયેશ કાંતિલાલ રાઠોડ, કચ્છ ના ગાંધીધામ ના મહેશ ગુલાબ જમણપરીયા ,જામનગર ના ચેતન દિનેશ મસાલીયા નામના ત્રણ શખ્સો ને ઝડપીને પુછતાછ કરતા ત્રણ ધરફોડ ચોરી અને એક વાહન ચોરી નો ભેદ ઉકેલ્યો હતો પોલીસે જણાવ્યુ હતું કે આ ટોળકી પાસેથી એક મોબાઈલ તથા ૬૭૫૦૦ ની કિંમત ના સોનાના ઢાળા, મીની ટ્રેક્ટર ત્રણ બાઇક ચોરી નો ભેદ ઉકેલી મુદામાલ રીકવર કર્યો

અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર



વશરામભાઈ સાગઠિયા રાજકોટ વિરોધપક્ષના નેતા અને કોર્પોરેટર મકબુલભાઈ ડાઉદાણી પેટ્રોલ ડીઝલ ના ભાવ વધારાના વિરોધમાં ઘોડે સવારી કરી જનરલ બોર્ડ માં જવા રવાના..

# દાહોદ જિલ્લામાં ક્ષય રોગને માત આપવા આરોગ્ય કર્મીઓની ગામે ગામ ઝુંબેશ




અભેસિંહ રાવલ દાહોદ,:

કોવીડ - ૧૯ થી થતા માનવમૃત્યુમાં ઇતર મહાવ્યાધિઓથી પીડાતા લોકોનું પ્રમાણ મોટું છે ત્યારે દાહોદ જિલ્લામાં ક્ષય રોગથી પીડાતા લોકો આ મહામારીમાં ન સપડાય તે માટે જિલ્લા ક્ષય અધિકારીની કચેરી અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ લોકડાઉન દરમિયાન ખાસ ઝુંબેશ અંતર્ગત ૩૫૦૦ જેટલા ટીબીના દર્દીઓને નિયમિત રીતે ઘરે બેઠા દવા પહોંચતી કરી છે. આ માટે ૧૯૭૭ આરોગ્યકર્મીઓની ૭૩૧ ટીમે ભારે જહેમત ઉઠાવી ગામે ગામ ઝુંબેશ આદરી હતી. લોકડાઉનના બે મહિના દરમિયાન ૮૯૨ દર્દીઓ સહિત આ વર્ષે ૨૯૬૦ નવા દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું છે. ક્ષય રોગ નિદાન માટેની ખાસ મોબાઈલ વાનના ઉપયોગ થકી ૬૯૬ ગામોમાં ૧૬૫૨૩ લોકોની ટીબીની તપાસ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચીત રાજની રાહબરીમાં જિલ્લા ક્ષય અધિકારીની કચેરી અને આરોગ્ય વિભાગની ટીમે જિલ્લામાં ક્ષય રોગના કોઈ પણ દર્દીને કોરોના સંક્રમણ ન થાય એ માટે સખત પરીશ્રમ સાથે આયોજનબદ્ધ કામગીરી કરી હતી. વર્ષ ૨૦૨૦માં (મે ૨૦૨૦ અંતિત) જાહેર ક્ષેત્રે ૨૫૪૭ અને ખાનગી ક્ષેત્રે ૯૧૯ એમ કુલ ૩૪૬૬ ક્ષય રોગના દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું છે. જિલ્લાની વસ્તી પ્રમાણે પ્રતિ એક લાખ વ્યક્તિએ ક્ષય રોગનું પ્રમાણ ૩૯૯ વ્યક્તિનું છે. જિલ્લામાં ક્ષય રોગના દર્દીઓના સંપૂર્ણ સ્વસ્થ થવાનું પ્રમાણ જોઈએ તો વર્ષ ૨૦૧૫ માં ૮૮ ટકા, વર્ષ ૨૦૧૬માં ૯૦ ટકા, વર્ષ ૨૦૧૭ માં ૯૦ ટકા અને વર્ષ ૨૦૧૮ માં ૯૩ ટકા છે. આમ મહત્વાકાંક્ષી જિલ્લા તરીકે દાહોદમાં જિલ્લા તંત્ર દ્વારા લેવામાં આવતા સંકલ્પબદ્ધ પ્રયાસોને પરીણામે દર વર્ષે ટીબીના દર્દીઓના સ્વસ્થ થવાનું પ્રમાણ ઉત્તરોતર વધી રહ્યું છે.

# ચાઈના પ્રોડક્ટ પર દેશ ભરમાં ફિટકાર પણ ગુજરાત સરકાર ચાઈના પર જ નિર્ભર સાબિત કરી આપ્યું

ધ્રુવ દવે.સિદ્ધપુર.

દેશભરમાં હાલમાં ચાઈના પ્રોડક્ટ વિરોધી એક સુર જોવા મળી રહયો છે અને દેશ ભરની પ્રજામાં ચાઈના પર રોષ છે જેની સામે એક કેમ્પેઇન પણ સોશિયલ મીડિયાથી લઈને ગ્રામીણ વિસ્તરામાં માં પણ ચાઈના વિરોધી સૂત્રોચ્ચાર જોવા મળી રહ્યા છે તેમજ અનેક જગ્યાઓ પર ચાઈના પ્રેસિડેન્ટ ના પૂતળા દહન કરી ચાઈનીઝ વસ્તુઓનો બહિષ્કાર કરવા વિવિધ સંગઠનો અને વેપારીઓ વિરોધ અને ચાઈનીઝ વસ્તુઓનો ઉપયોગ અને વેપકર પણ બંધ કરી રહ્યા છે એક તરફ ચાઈના બોર્ડર પર તનાં તની જોવા મળી રહી છે અને સરકાર દ્વારા પણ સ્વદેશી અપનાવો ની લોકો ને અપીલ કરવામાં આવે છે અને દેશ નું ધન દેશ માં રહે તે માટે સ્વદેશી વસ્તુઓ પર આત્મનિર્ભર બનવાની વાતો કરવામાં આવે છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય ની રાજ્ય સરકાર હસ્તક ની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળાની વિવિધ ઓનલાઈન કામગીરી કરવા માટે ચોદ હજાર ની કિંમતના ટેબ્લેટ આચાર્યો ને ઓન લાઈન શાળા ની કામગીરી કરવા માંટે આપવામાં આવી રહ્યા છે પરંતુ આ પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવી રહેલા ટેબ્લેટ જ ચાઈના બનાવટ ના છે અને તેના પર મેડ ઈન ચાઈના જ લખેલું છે તેમજ જે સ્થળ પરથી વિશ્વભરમાં કોરોના વાયરસ ની ઉતપતિ થઈ અને હાહાકાર મચ્યો છે તે જ ચીન ના વુહાન માં આ પ્રોડક્ટ બનાવવામાં આવી છે જેનું પ્રાથમિક શાળાઓમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે પાટણ જિલ્લા ની પ્રાથમિક શાળાઓમાં માં રાજ્ય હસ્તક ની સરકારી પ્રાથમિક શાળા ઓના આચાર્યો ને પણ સોમવારથી આ ચાઈના ટેબ્લેટ નું વિતરણ કરવામાં આવશે એક તરફ સરહદ પર યુદ્ધ નો માહોલ છે બીજી તરફ એ જ ચીન ને ગુજરાત સરકાર દ્વારા જ આર્થીક લાભ અપાવતા અનેક સવાલો ઉઠ્યા છે અને કેન્દ્ર સરકારના આત્મનિર્ભર તાની ખુદ ગુજરાત સરકાર દ્વારા જ અવગણના કરતા અનેં ચાઈનાની પ્રોડક્ટ જ પ્રાથમિક શાળાઓમાં આપતા અનેક સવાલો ઉઠવા પામ્યા હતાં...બધી ઈલેક્ટ્રિક આઈટમ જ ચાઈના થી જ આવે છે વિશાલ સોની (એમ.આઈ.એસ,ગાંધીનગર) સમગ્ર શિક્ષા અભિયાન ના એમઆઈએસ વિશાલ સોની દ્વારા જણાવાયું હતું કે સમગ્ર ઈલેક્ટ્રિક આઈટમ જ ત્યાંથી ખરીદી કરવામાં આવે છે અને આ ટેબ્લેટ પહેલેથી જ ડિસેમ્બર મહિનામાં જ ખરીદવામાં આવ્યા હતા પરંતુ લોક ડાઉન આવતા વિતરણ કરવાના બાકી રહી ગયા હતા જે હવે વિતરણ કરવામાં આવી રહ્યા છે...અમને તો સર્વ શિક્ષા અભિયાન માંથી ટેબ્લેટ અપાયા છેઃબીઆરસી,સાંતલપુર આ ટેબ્લેટ કયા થી ખરીદાયા છે તેની કોઈ માહિતી ની ખબર નથી પણ અમને તો આ ટેબ્લેટ પાટણ સર્વ શિક્ષા અભિયાન માંથી આપવામાં આવ્યા છે અને સાંતલપુર શાળાઓ માટે ૧૧૫ ટેબ્લેટ અપાયા છે જે કાલથી શાળાઓના આચાર્યો ને વિતરણ કરી દેવામાં આવશે તેવુ બીઆરસી પ્રજેશ પ્રજાપતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું



પાટણ જિલ્લા ના સાંતલપુર તાલુકા ના સિધાડા ગામ ની આંગણવાડી માં ગરીબ લોકોને શાકભાજી કુબીજ અને ડુગરી નુ વિતરણ કરવા માટે ભણસાલી ટ્રસ્ટ એ આપેલ હોય તેમજ વસ્તુ પણ આગળવાડી ની કાર્યકર્તા ઓ ની ઘોર બેદર કારી હોવાથી વસતૂ ખરાબ થઈ હતી ખરાબ હોવાથી વસતૂ લોકો લેવા માટે આવેલ પણ વસ્તુ વસ્તુ બહુ ખરાબ હોવાથી બદબુ મારતીહતી અને લોકો ના સવશત સાથે ચેડા થઈ રહયા હોય તેમ દેખાય રહેલ છે અને શાકભાજી નો માલ કોબીજ અને ડુગરી બે દિવસ પહેલા અટલેકે શનિવારે શાકભાજી માલ આવેલ હોવાથી લોકો મા આજે સવારે સોમવારે વિતરણ કરેલછે શાકભાજી લેવા માટે લોકો ની લાઈ લાગી શાકભાજી ખરાબ અને બદબુ મારતી હોવાથી લોકો મા અરેરાટી ફેલાઈ ગઈ હતીા..ધ્રુવ દવે.સિદ્ધપુર

# સિદ્ધપુર તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલ ના વધતા ભાવો ને અટકાવવા આવેદનપત્ર પાઠવ્યું




(ધ્રુવ દવે.સિદ્ધપુર)

આજ રોજ સિધ્ધપુર તાલુકા તેમજ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડા તેમજ સિધ્ધપુર ધારાસભ્યશ્રી ચંદનજી ઠાકોર સાહેબ ના આદેશ અનુસાર સિદ્ધપુર મામલતદાર કચેરી ખાતે દેશ માં વધતા જતા પેટ્રોલ-ડીઝલ ના ભાવોમાં સરકાર ના વિરોધ માં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. જેમાં ઁઝ્ર મંત્રીશ્રી ઈબ્રાહીમભાઈ ચારોલીયા, PCC સહમંત્રીશ્રી દશરથભાઈ પટેલ, PCC મહિલા મંત્રીશ્રી જયાબેન શાહ, તાલુકા પ્રમુખશ્રી હમીદભાઈ મોકનોજિયા, પાટણ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી અભેસિંહ ઠાકોર, શહેર પ્રમુખશ્રી હર્ષદભાઈ પાધ્યા, તાલુકા પંચાયત પ્રમુખ કાંતિજી ઠાકોર, બિપીનભાઈ દવે, તાલુકા પંચાયત સદસ્યો- નરસિંહભાઈ, મનુભાઈ મકવાણા, દીપકભાઈ બારોટ, જયદીપસિંહ ઠાકોર, રૂપસંગજી ઠાકોર, જાકીરભાઈ નાગોરી, કોર્પોરેટરશ્રી જયાબેન, ગૌરીબેન, દિનેશજી-કોટ, પ્રકાશજી-કલ્યાણા, રશીદભાઈ કુરેશી, રતિલાલ બારોટ, યુનુસભાઇ શેખ, નિદ્રોડા સરપંચ દશરથજી ઠાકોર, વિનુભાઈ ચૌધરી, વિરસંગજી વનાસણ, રજનીભાઇ બારોટ, જેવા કોંગ્રેસ ના કાર્યકરો તેમજ આગેવાનોએ હાજરી આપી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.